# ડાંગરના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ તેમજ જીવાત નિયંત્રણ ઉપર તાલીમ યોજાઇ

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ દ્વારા તારીખ ૦૧/૦૭/૨૦૨૧, ગુરુવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે “**ડાંગરના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ તેમજ જીવાત નિયંત્રણ**” વિષય ઉપર કાણીસા ગામ તા. ખંભાત ખાતે નીસોલ કંપનીના સહયોગ દ્વારા ખેડૂત તાલીમ યોજાઇ, જેમાં કાણીસા, સાયમા, જલસણ તેમજ અન્ય ગામના આશરે ૭૮ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત નીસોલ કંપનીના કર્મચારી શ્રીયોગેશભાઈ મહિડા અને ઈશ્વરકુમાર દ્વારા શાબ્દિક તેમજ ફૂલ દ્વારા સ્વાગત કરવામા આવેલ. કાર્યક્રમની શરૂઆત કરતા ડો. એમ. બી. પરમાર, સંશોધન વૈજ્ઞાનિક (ચોખા), એમ.આર.આર.એસ. દ્વારા સર્વેનું સ્વાગત પ્રવચન તેમજ પ્રસંગોચિત ઉદબોદન કરવામાં આવ્યું. ત્યારબાદ ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે વિસ્તૃત માહિતી આપી, જેમા ધરૂવાડિયાની તૈયારી, ડાંગરની વિવિધ જાતો. તેમજ નવી જાતો જીએઆર ૧૪, મહીસાગર તથા નવી આવનાર જાતો જીઆર ૨૧ અને જીએઆર ૨૨ વિશે વિસ્તૃત માહિતી આપી. ઉપરાંત ડાંગરના પાકમાં ખાતર તથા પાણીનું વ્યવસ્થાપન, કાપણી જેવા ખેતી કાર્યોમાં ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ વિષે ચર્ચા કરી. ત્યારબાદ ડૉ. આર. કે. ગંગવાર, સહ સંશોધન વૈજ્ઞાનિક (પેથો.) ધ્વારા ડાંગરમાં આવતા મુખ્ય રોગો જેવા કે સુકારો, કરમોડી, ભૂખરી કંટીનો રોગ, અંગારીયો તથા પોષક તત્વોની ઉણપથી થતા રોગો અને તેનું સંકલિત નિયંત્રણની વિસ્તૃત માહિતી આપી. અને શ્રી એસ. એસ. થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટક) ધ્વારા ડાંગરમાં આવતી મુખ્ય જીવાતો જેવી કે ગભમારાની ઈયળ, પાન વાળનાર ઈયળ,

ચૂસિયાં વગેરે વિષે સમજણ આપી તથા તેનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેની વિસ્તૃત ચર્ચા કરી અને ત્યારબાદ ડાંગરના પાકમાં ખેડૂતોના મુંજવતા પ્રશ્નો વિશે વિસ્તૃત ચર્ચા કરી.

તાલીમના અંતે કાર્યક્રમમાં ભાગ લેવા બદલ સર્વે ખેડૂતોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી. નીસોલ કંપનીના કર્મચારીઓ ધ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન ખુબજ સારી રીતે કરવામાં આવેલ.








